મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૨૬ ટકા
ગાંધીનગર તાપમાન

મેડીકલ કેમ્પસમાં વધુ સીસીટીવી કેમેરા ગોઠવાશે

મેડીકલ કોલેજમાં એન્ટી રેગીંગ કમિટીની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત પાટનગરની મેડીકલ કોલેજ ખાતે આજરોજ ડીન શોભના ગુપ્તાના અધ્યક્ષ સ્થાને કોલેજની એન્ટી રેગીંગ કમિટીની મહત્વની બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં એન્ટી રેગીંગ કમિટીની પુનઃ રચના કરવામાં આવી હતી. આ બેઠકમાં કોલેજ કેમ્પસ અને વિદ્યાર્થીઓને લઈને વિવિધ મહત્વના મુદ્દાઓની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. એન્ટી રેગીંગ કમિટીની બેઠકમાં થયેલી ચર્ચા, સુચનો અને લેવાયેલા નિર્ણયો અંગે જીએમઈઆરએસના ગાંધીનગર મેડીકલ કોલેજના ડીન શોભના ગુપ્તાએ જણાવ્યું હતું કે કોલેજમાં છેલ્લા પાંચ વર્ષથી શાંતિપૂર્ણ માહોલમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. કોલેજ કેમ્પસમાં રેગીંગ જેવી કોઈ ઘટના બની નથી. કોલેજમાં પીજીથી લઈને ૭૫૦ થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. જયારે કોલેજ કેમ્પસમાં વિદ્યાર્થીઓની સલામતી માટે પણ પગલા લેવામાં આવ્યા છે. કોલેજ કેમ્પસ અને હોસ્ટેલ બિલ્ડીંગમાં હાલ છે તેનાથી પણ વધુ સીસીટીવી કેમેરાનું નેટવર્ક વધુ મજબુત તૈયાર કરવામાં આવશે. આ ઉપરાંત કેમેરાની નજીકમાં તમે સતત સીસીટીવી કેમેરાના સર્વેલન્સ હેઠળ છો તેવા સ્ટીકર લગાવવામાં આવશે.આ ઉપરાંત હોસ્ટેલ બિલ્ડીંગમાં પણ વિદ્યાર્થીઓની સમસ્યા ઓર્થોરીટીના ધ્યાને આવે તે રીતે સિનિયર વિદ્યાર્થીઓને ફલોર મેનેજર જેવી જવાબદારી આપવામાં આવશે. એન્ટી રેગીંગ કમિટીની બેઠક દર મહિને બોલાવવામાં આવશે. ખાસ કરીને નવા વિદ્યાર્થીઓની બેચ શરુ થવા જઈ રહી છે ત્યારે તમામ વિદ્યાર્થીઓને રેગીંગના દુષણથી દુર રહેવા સાવચેત કરવા માટે પત્રિકાઓ પણ અપાઈ છે અને પ્રવેશ વખતે બાંહેધરી પણ લેવામાં આવે છે. આ બેઠકમાં ડીન શોભના ગુપ્તા, વરિષ્ઠ પત્રકાર મનીષ વ્યાસ, એનજીઓના પ્રતિનિધી, સિનિયર સિટીઝન અરુણભાઈ બુચ, ડો. જસ્મીન દિવાન, વહીવટી અધિકારી યોગેશભાઈ વ્યાસ, તેમજ વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

@ગાંધીનગર

● સે-૨-એ હનુમાનજી મંદિર દ્વારા આયોજીત શનેશ્વર જયંતિ નિમિત્તે સુંદરકાંડ પાઠ રાત્રે ૭ કલાક દરમિયાન યોજાશે અને મહાઆરતી ૮.૩૦ કલાક દરમિયાન યોજાશે.

● વંદેમાતરમ પરિવાર દ્વારા આનંદનો ગરબો બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન પ્રવિણસિંહ વાઘેલા પેથાપુર બસ સ્ટેન્ડની બાજુમાં પેથાપુર ખાતે યોજાશે.

કોબા પાસે ટ્રેકટર વિજપોલને અથડાતા યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલ કોબા પાસે ટ્રેકટરના ચાલકે ટ્રેકટર પરનો કાબુ અચાનક ગુમાવતા ટ્રેકટર ખાડામાં ઉતરી ગયું હતું અને સામે રહેલા વિજપોલને અથડાતા ટ્રેકટરમાં સવાર યુવક નીચે પટકાયો હતો. અને યુવકને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા યુવકનું મૃત્યું નિપજ્યું છે. બનાવ અંગે મૃતક યુવાનના પિતાની ફરિયાદ લઈને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરમાં સમાવેશ બોરીજ ગામના સરકીટ હાઉસ પાછળના ભાગે આવેલ છાપરામાં રહેતા પ્રતાપ અલુભાઈ વણઝારાનો પુત્ર કિશન વણઝારા ઉ.વ.૨૨ ટ્રેકટરમાં રેતી ભરવાનું કામ કરીને રોજગારી મેળવતો હતો. ત્રણ દિવસ પહેલા ટ્રેકટર માલિક અને ચાલક તેજાજી જોગાજી પવાર ટ્રેકટરના માલિક અને ચાલક તેઓ પોતાની સાથે કિશન વણઝારાને કોબા સર્કલ નજીક રેતી ભરવા લઈ ગયા હતા. તે સમયે અચાનક ટ્રેકટર પરનો કાબુ તેજાજીએ ગુમાવતા ટ્રેકટર રોડની સાઈડમાં ખાડામાં ઉતરી ગયું હતું અને સામે રહેલા વિજપોલ સાથે ધડાકાભેર અથડાયું હતું. અકસ્માતને પગલે આસપાસના નાગરીકો પણ દોડી આવ્યા હતા. ત્યારે ટ્રેકટર અથડાતા અંદર બેઠેલ કિશન વણઝારા નીચે પટકાયો હતો તે દરમિયાન યુવાનને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેનું મૃત્યું નિપજયુ હતું. બનાવ અંગે મૃતકના પિતાએ ઈન્ફોસીટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર એસ.ઓ.જી. ટીમે ત્રણ દરોડામાં ૩૫૦૦ લીટર દેશી દારૂનો વૉશ જપ્ત કર્યો

ટીમે જુદા જુદા ત્રણ ગુન્હામાં મળી ત્રણ બુટલેગરોની અટકાયત કરી રૂ. ૪૪,૩૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે શહેરની આસપાસના ત્રણ ગામોમાં દેશી દારૂના અડ્ડા પર દરોડા પાડી ભારે સપાટો બોલાવ્યો હતો અને દેશી દારૂ સહિત ૩૫૦૦ લીટર દારૂનો વૉશ જપ્ત કર્યો હતો. એસઓજીની ટીમે દરોડા દરમિયાન બે મહિલા સહિત ત્રણ બુટલેગરની ધરપકડ કરી સઘન કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવની સૂચનાને પગલે એસઓજીની ટીમો દેશી દારૂની પ્રવૃત્તિઓ થતી અટકાવવા કામે લાગી ગઈ છે. ટીમે આજે ગાંધીનગર શહેર આસપાસના ત્રણ ગામોમાં બાતમીના આધારે દરોડા પાડી હજારો લીટર દારૂનો વૉશ અને દેશી દારૂ જપ્ત કર્યો હતો.

ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે શેરથા ગામના કસ્તુરીનગર ખાતે રહેતી મહિલા બુટલેગર ધૂળીબેન મોહનજી ઠાકોરના ઘરની પાછળથી છ પીપમાં ભરેલ ૧૨૦૦ લીટર દેશી દારૂનો વૉશ તથા રણાસણ ગામની સીમમાં રાહુલ નટુજી ઠાકોર પાસેથી ૧૧ પીપ ભરેલ ૨૨૦૦ લીટર વૉશ અને સાત પ્લાસ્ટીકના કેરબા ભરેલ ૨૪૫ લીટર દેશી દારૂ જપ્ત કર્યો હતો. આ ઉપરાંત અડાલજના આંબલીવાળા વાસમાં જડીબેન ઉમરાજી ઠાકોરના ખુલ્લા ખેતરમાંથી બેડ્રમ ભરી ૫૦ લીટર દારૂનો વૉશ જપ્ત કર્યો હતો. એસ.ઓ.જી.ની ટીમે તમામ મુદ્દામાલ કબજે કરી ત્રણેય આરોપી વિરૂધ્ધ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સિવિલના વર્ગ-૪ ના કર્મચારીઓએ ૨૫ બોટલ રકતદાન કર્યું

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખાનગી એજન્સી રાજદીપમાં ફરજ બજાવતા વર્ગ-૪ ના કર્મચારીઓએ આજ રોજ સિવિલની બ્લડ બેંક ખાતે જઈને રકતદાન કર્યું હતું. આ બ્લડ ડોનેશન કેમ્પમાં અંદાજે ૨૫ જેટલી બોટક રક્ત એકત્ર થયું હતું. આ રકત જરૂરીયાત મંદ દર્દીઓને પુરું પાડવામાં આવશે. ત્યારે વર્ગ-૪ ના કર્મચારીઓની આ સેવાને સિવિલ સ્ટાફના કર્મચારી-અધિકારીઓએ બિરદાવી હતી.

આજે સિવિલમાં એસ.ટી.ના કર્મચારીઓનો મેડીકલ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર એસ. ટી. ડેપોમાં ફરજ બજાવતા તમામ કક્ષાના કર્મચારીઓને જણાવવાનું કે આપની વ્યસ્ત જીંદગીમાં સમયના અભાવે પોતાના શરીરની શારીરીક સ્વાસ્થયનો તાગ મેળવવાનો સમય મળતો ના હોવાથી એસ.ટી. વિભાગના એમ.ડી. તેમજ વિભાગીય નિયામક દ્વારા નિગમમાં ફરજ બજાવતા કર્મચારીઓના આરોગ્યની ચિંતા કરીને તા. ૧૫ મે ના રોજ સવારે ૧૧ થી ૨ કલાક દરમિયાન ગાંધીનગર સિવિલના સહયોગથી એસ.ટી. વિભાગના તમામ કર્મચારીઓનું મેડીકલ ચેકઅપ કરવામાં આવશે. આ કેમ્પમાં કર્મચારીઓએ હાજર રહીને લાભ લેવા ડેપો મેનેજરે અનુરોધ કર્યો છે.

ગૌચરની જમીનમાં તળાવો બનાવવા નહીં દેવાય

જળસંચય અભિયાનના નામે ગૌચરની જમીનોમાં તળાવો ખોદવાનો ગોપાલક રચનાત્મક સમિતિનો વિરોધ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર તાલુકામાં અડાલજ વિસ્તારમાં ગૌચરની જમીનમાં તળાવોના ખોદકામ અંગે ગોપાલક રચનાત્મક સમિતિ દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો છે. ગોપાલક રચના સમિતિ-ગોરસ દ્વારા જળસંચય અભિયાન અંતર્ગત સમતળ ગૌચરો ખોદી તળાવ બનાવવાની કોઈ જોગવાઈ ના હોવાની કોર્ટની ગાઈડલાઈન હોવાનું જણાવતા અડાલજ પાસેના વિસ્તારમાં ગૌચરમાં તળાવ ખોદવા અંગે વિરોધ વ્યકત કરતા સત્વરે આ પ્રવૃત્તિ અટકાવવા માંગ કરવામાં આવી છે.

અડાલજ ખાતે ખાતા નં. ૧૦૯માં જણાવ્યા અનુસાર ગૌચરની જમીન પૈકી બ્લોક નં. ૭૨૩ જેને મલાવ તળાવ તરીકે ઓળખવામાં આવે છે તે ગૌચરની જમીન હોવા સાથે તેમાં પાકટ વૃક્ષો અને બાવળ હોવા સાથે અહીં ખોદકામ કરાયુ છે. વળી, બ્લોક નં. ૧૨૪૧, ૧૩૪૨, ૧૩૪૩ વગેરે જમીન પણ ગૌચર પાસે હોવા ઉપરાંત આ નંબરોમાં જયાં શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા એફબી નંબર ફાળવાય છે ત્યાં જુનુ તળાવ બની ગયું છે જેમાં પાણી પણ ભરાયેલું છે. આ સાથે અરિહંત કોલેજની પાછળ બ્લોક નં. ૬૫૮માં પણ અસંખ્ય ઝાડ અને બાવળ હોવા છતાં ખોદકામ કરવામાં આવ્યું છે. સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ સુજલામ સુફલામ જળસંચય અભિયાન અંતર્ગત ગૌચર ઢોરઢાંખરને ચરવા માટે અને તેમાં ઉગેલા વૃક્ષો ઢોરને છાંયડે બેસવા માટે હોવાથી ત્યાં તળાવનું ખોદકામ કરી શકાય નહી તેવા દાવા સાથે ગોપાલક રચનાત્મક સમિતિ દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો છે. આ બાબતે ગાંધીનગર પ્રાંત અધિકારીને પત્ર લખી ગોરસ દ્વારા આ કામ સત્વરે બંધ કરાવવા માંગ સાથે જો ખોદકામ કરાશે તો આગળ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

પેથાપુર સંજરી પાર્કના મકાનમાંથી દારૂની બોટલ સાથે બેની ધરપકડ

દરોડામાં પોલીસે રૂ. ૩૨૦૦ની કિંમતની દારૂની ૮ બોટલ કબજે કરી

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર નજીક પેથાપુર ગામે સ્થિત સંજરી-૧૧ના મકાન નં.૪માંથી દરોડા દરમિયાન ક્રાઈમ બ્રાન્ચે વિદેશી દારૂની આઠ બોટલ સાથે બે શખ્સોની ધરપકડ કરી હતી અને બંને વિરૂધ્ધ ગુન્હો નોંધી પેથાપુર પોલીસને હવાલે કર્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચની ટીમ આજે પેથાપુર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી આ અરસામાં ટીમને બાતમી મળી હતી કે પેથાપુર જીઈબી છાપરામાં રહેતો ઈરફાન રુસ્તમ સિપાઈ નામનો શખ્સ દારૂની ડિલેવરી કરવા જઈ રહ્યો છે. જે બાતમીના આધારે એલસીબીની ટીમે વોચ ગોઠવી તેને ઝડપી પાડયો હતો. પોલીસે તેની અંગ ઝડતી કરતા કમરના ભાગેથી બે નંગ દારૂની બોટલ મળી આવી હતી. પોલીસે તે દારૂ કયાંથી લાવ્યો હોવાની પુછપરછ કરતા આ દારૂ સંજરી પાર્ક-૧૧ મકાન નં.૪માં રહેતા નરેન્દ્રસિંહ વિરેન્દ્રસિંહ યાદવ પાસેથી લઈ આવ્યો હોવાની કબુલાત કરી હતી. પોલીસે બાદમાં સંજરી પાર્ક-૧૧ના મકાન નં.૪માં દરોડો પાડતા રસોડામાંથી બીજી ૬ નંગ દારૂની બોટલ મળી આવી હતી. પોલીસને દરોડામાં કુલ-૮ નંગ દારૂની બોટલ મળી આવી હતી. પોલીસે બે આરોપી ઈરફાન સિપાઈ અને નરેન્દ્ર યાદવની ધરપકડ કરી રૂ. ૩૨૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જેની વધુ તપાસ પેથાપુર પોલીસ ચલાવી રહી છે.

ફતેપુરામાંથી ત્રણ જુગારીઓ પકડાયા

ગાંધીનગર, તા.૧૪

શહેરના સેકટર-૧૫ સ્થિત ફતેપુરા છાપરામાં પોલીસ દરોડા દરમિયાન ત્રણ જુગારીયાઓ રંગે હાથ પકડાયા હતા. પોલીસે દરોડા દરમિયાન કુલ રૂ. ૩૦૯૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ મામલે સેકટર-૭ પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના સેકટર-૭ પોલીસ મથકના પી.એસ.આઈ. ડી.ડી. ઝાલા અને તેમની ટીમના પોલીસ કર્મીઓ આજે પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા આ દરમિયાન ફતેપુરા ગામમાં કેટલાક જુગારીયાઓ જુગાર રમી રહ્યા હોવાની બાતમી મળતા પોલીસે બાતમી સ્થળે દરોડો પાડી કાળાજી આતાજી ઠાકોર, બેચરજી ચતુરજી ઠાકોર અને ચેતનજી ભીખાજી ઠાકોરને રંગે હાથ ઝડપી તેમની પાસેથી રૂ. ૩૦૯૦ની રોકડ કબજે કરી હતી. પોલીસે તમામ વિરુધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુઘડ નર્મદા કેનાલમાં અજાણી મહિલાનો આપઘાત

અડાલજ પોલીસે ફાયર બ્રિગેડની મદદથી મૃતદેહ બહાર કઢાવી પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર નજીક સુઘડ નર્મદા કેનાલમાં એસ.આર. સ્ટીલ ફેકટરીની સામે અજાણી મહિલાનો મૃતદેહ પાણીમાં તરતો હતો. આ અજાણી મહિલાના મૃતદેહને રાહુલ નાહર નામનો યુવાન જોઈ જતા તેણે અડાલજ પોલીસને જાણ કરી હતી જેથી અડાલજ પોલીસે ફાયર બ્રિગેડની મદદથી મહિલાના મૃતદેહને બહાર કઢાવી પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો જેની વધુ તપાસ અડાલજ પોલીસ ચલાવી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીક સુઘડ ગામની સીમમાંથી નર્મદાની કેનાલ પસાર થાય છે. જયાં એસ.આર. સ્ટીલ ફેકટરીની સામે કેનાલમાં કોઈ અજાણી મહિલાએ પાણીમાં છલાગં લગાવી હતી જેથી તેણીનું ડુબી જતા મોત થયું હતું. દરમિયાન આજે મહિલાનો મૃતદેહ પાણી ઉપર તરતો હતો જેની પર રાહુલ સીતારામ નાહર (ઉ.વ. ૨૦)ની નજર પડતા તેણે તુરંત આ મામલે અડાલજ પોલીસમાં જાણ કરતા પોલીસે ફાયર ફાયટરની મદદથી મૃતદેહને પાણીમાંથી બહાર કઢાવ્યો હતો. અજાણી મહિલાએ શરીર પર મરૂન રંગનું પંજાબી ટોપ અને પાયજામો પહેરેલો છે. આ મહિલાના નામ ઠેકાણાની કોઈ વિગત પોલીસને મળી નથી. પોલીસે આ મામલે ગુન્હો નોંધી મૃતક મહિલાના પરિવારજનોની શોધખોળ શરુ કરી છે.

ગાંધીનગરના સંત સરોવરમાં સેફટી અને સિક્યુરીટી અંગે યોજાયેલ સમીક્ષા બેઠક

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર પાસે આવેલ સંત સરોવરમાં ડુબી જવાના બનાવ ન બને તથા અકસ્માત અટકે તે માટે વિવિધ વિભાગોના અધિકારીઓની સમીક્ષા બેઠક જિલ્લા કલેકટર શ્રી એસ.કે. લાંગાના અધ્યક્ષ સ્થાને, જિલ્લા પોલીસ વડા શ્રી વિરેન્દ્રસિંહ યાદવ અને ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર શ્રી એસ.એલ. અમરાણીની ઉપસ્થિતમાં યોજાઈ હતી.

સંત સરોવરમાં સેફટી અને સિક્યુરીટી અંગે પાણીના ડાઉન સ્ટ્રીમમાં પ્રવાસીઓ જઈ શકે નહીં અને ખાસ કરીને રજાના દિવસોમાં પાટનગર સહિત અમદાવાદ અને આસપાસના વિસ્તારના લોકો આ જગ્યાએ વિશાળ સંખ્યામાં આવે છે. ત્યારે ભયજનક વિસ્તાર રેલીંગથી કવર થાય, લારી ગલ્લા જેવા દબાણો કાયમી ધોરણે દૂર કરવા તથા લાઈટની વ્યવસ્થા સાથે ફાયર બ્રિગેડના કર્મચારીઓ અને પોલીસ વ્યવસ્થા દ્વારા કાયમી પોઈન્ટ સહિત તરવૈયા સહિતનું સર્વગ્રાહી આયોજન હાથ ધરી જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાએ વિવિધ સૂચનાઓ આપી હતી. રેતી ખનનના કારણે પણ નદીના વિસ્તારમાં મોટા ઉંડા ખાડા પડી જવાના કારણે પણ ડુબી જવાના બનાવો ન બને તથા તમામ ભયજનક વિસ્તારો માટે ખાસ સૂચનોના લખાણો સાથે સાઈન બોર્ડ મુકવા તથા આ અંગે જાહેરનામું બહાર પાડીને વિવિધ પ્રક્રિયા હાથ ધરવા જણાવ્યું હતું.

ગાંધીનગર શહેરમાં ચોમાસાનું પાણી સંત સરોવરમાં ભરાય તે માટે સિંચાઈ પાણી પુરવઠા સુજલામ- સુફલામ યોજનાના અધિકારીઓ તથા ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન સહિત માર્ગ અને મકાન તથા વન વિભાગના અધિકારીઓને તાત્કાલિક અસરથી એક્શન પ્લાન બનાવીને એક અઠવાડિયામાં આ કામો પૂર્ણ કરવા જણાવ્યું હતું. સંત સરોવરમાં ગાંધીનગરનું વરસાદનું પાણી ભરાય તે માટે આસપાસના વિસ્તારો અને ગામો સહિત પાણીના આવરાના વિવિધ માર્ગો દ્વારા સરોવરના બંને કાંઠાઓ ઉપર વિવિધ કામો હાથ ધરવા તથા અક્ષરધામ મંદિર અને ગીફટ સીટી દ્વારા પણ આ અંગે આયોજન કરવા વિવિધ સૂચનો કર્યા હતા. આ પ્રસંગે નિવાસી અધિક કલેકટર શ્રી એસ.એમ.જાડેજાએ એકશન પ્લાન બનાવીને એક અઠવાડિયામાં સંત સરોવરમાં વરસાદી પાણી ભરાય તેવા કામો ઝડપથી પૂર્ણ કરી તેનો વિસ્તૃત અહેવાલ જિલ્લા વહીવટી તંત્રીને આપવા જણાવ્યું હતું.

મનપા દ્વારા જળ દુઃખ ભંજન શેરી નાટક ભજવાયું

ગાંધીનગર, તા.૧૪

પાણી બચાવ અભિયાન અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં પ્રજામાં જાગૃતિ લાવવા માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આયોજિત કલ્ચરલ ફાઉન્ડેશન પ્રસ્તુત પાણી બચાવો અભિયાન અંતર્ગત પ્રજામાં અસરકારક 'જળ દુઃખ ભંજન' શેરી નાટકનો કાર્યક્રમ યોજાયો હતો. શેરીનાટકનો કાર્યક્રમ તા. ૧૨-૫-૨૦૧૮ના રોજ સમય ૧૮.૦૦ કલાકે સેકટર-૨૧ શાક માર્કેટ અને સમય ૨૦.૦૦ કલાકે ઘ-૪ સર્કલ સેન્ટ્રલ વિસ્ટા તેમજ તા. ૧૩-૫-૨૦૧૮ના રોજ સમય ૧૮.૦૦ કલાકે સે-૨૪ શાકમાર્કેટ અને સમય ૨૦.૦૦ કલાકે ઘ-૪ સર્કલ સેન્ટ્રલ વિસ્ટા ખાતે યોજાયેલ હતો. નાગરિકોને જળ બચાવવાના હેતુથી ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

કાળઝાળ ગરમીમાં નોનવેજની લારીઓ અદૃશ્ય

ગાંધીનગર, તા.૧૪

આકરા ઉનાળાના અસલી મિજાજે લોકોની દૈનિક ક્રિયાઓ ઉપર વિપરીત અસરો કરી છે. જેમાં ખોરાક પ્રત્યેનો અણગમો હાલ ખુબ જ વધી ગયો છે. આ ગરમીએ માંસાહાર પ્રત્યે પણ અરૂચી પેદા કરીને ત્યજ બનાવ્યું છે જેનું વેચાણ કરતી લારીઓ શહેરમાંથી અદૃશ્ય બની ગઈ છે. વળી અનેક ઠેકાણેથી ઈંડાની લારીઓ પણ બંધ થઈ ગઈ છે. જેનું કારણ આ ગરમીમાં ગરમ ગણાતા માંસાહારથી લોકો હાલ પુરતા તો દુર થયા જ છે. જો કે અતિશય ગરમીમાં ગરમ પદાર્થોનું સેવન ન કરવા તબીબોની સલાહ હોય છે.

રાજયના અનેક શહેરોમાં ગરમી તેની પરાકાષ્ઠા તરફ તેજ ગતિએ આગળ વધી રહી છે. ગરમીના કારણે હાલ જનજીવન અસ્ત વ્યસ્ત બન્યું છે અને લોકો ગરમીથી છુટકારો મેળવવા ઠંડકનું શરણું લઈ રહ્યા છે. વધુમાં ગરમીમાં ખોરાક કેવા પ્રકારનો

લેવો તે પ્રશ્ન સૌ કોઈને મુંઝવી રહ્યો છે જેમાં વળી ઝાડા ઉલ્ટીના કેસમાં થયેલા વધારા પછી સૌ કોઈ ખોરાક અંગે સચેત બન્યા છે. જેની અસરો માંસાહાર ખોરાક લેતાં લોકોમાં પણ થવા લાગી છે.

શહેરમાં ગરમીના કારણે માંસાહાર ખોરાક પીરસતી અનેક લારીઓ અને સ્થળોએ ઘરાકી ઘટી જતાં ધંધો હાલ પૂરતો બંધ કરી દીધો છે તો બીજી તરફ શહેરના મહત્વના અનેક પોઈન્ટ ઉપર ઈંડાની લારીઓ કાર્યરત રહેતી હતી જે પણ ગરમીમાં લોકોની આવન જાવન બંધ થઈ જતા આ લારીઓ અદૃશ્ય થઈ ગઈ છે. હાલ શાકાહાર ખોરાક પ્રત્યે પણ લોકોની અરૂચિ વધી ગઈ છે જેમાં ફકત કેરી એ પ્રિય ખોરાક બન્યો છે. તેમજ ઠંડા પાણી અને ઠંડુ ફુટ (ફળફળાદી) ખાઈને લોકો તૃપ્ત થઈ રહ્યા છે. જયારે માંસાહાર એ ગરમ પદાર્થ હોવાથી શરીરમાં આકરી ગરમી સાથે વધુ ઉર્જા પેદા કરે છે જે કારણે અનેક રોગો ઉભા થવાની શકયતા ઉભી થતાં માંસાહાર કરતાં લોકો પણ માંસ, મચ્છી કે ઈંડાથી દૂર થયા છે. સામાન્ય રીતે હળવા ખોરાકની આ ગરમીમાં જરુરિયાત રહેતી હોય છે ત્યારે માંસાહાર ત્યજવું હાલ અનિવાર્ય બનતાં શહેરમાંથી નોનવેજની અનેક લારીઓ અદૃશ્ય બની ગઈ છે.

તુજે સબ હૈ પતા મેરી મા...

ઉનાળુ વેકેશન શરૂ થાય એટલે ઘ-૪ના સર્કલ પાસે સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનમાં શનિવાર અને રવિવારે રાત્રે નવથી અગિયાર ગિટાર ગ્રુપના મિત્રો ભેગા થાય. ગિટાર-ફ્લ્યુટ-રિધમ સાથે ઉભા ઉભા નવાં-જૂના ગીતો રેલાય અને આ માત્ર અને માત્ર નિજાનંદ માટે લગભગ ૧૫-૧૭ ગિટારીસ્ટ, બીજા ગાયકો અને બસો જેટલા શ્રોતાઓ અને આખો માહોલ સંગીતમય.

આ કાર્યક્રમની શરૂઆત સેમ્યુલ ક્રિશ્ચને કરાવેલી. દુર્ભાગ્યે થોડા સમય પહેલા એમનું અવસાન થયું પણ એ જગ્યાએ આ કાર્યક્રમ ચાલુ રાખી એમને સાચી શ્રધ્ધાંજલિ અર્પવામાં આવી. બીના ક્રિશ્ચિયન, મનોજ મેઉઆ, સંજય થોરાત વગેરેએ મળીને આ ઉપક્રમ ચાલુ રાખ્યો છે. અહીં સાગર દેસાઈ, હેમાંગ દવે, મિલુ શાહ, હાર્દિક પંચાલ, અમિત પારેખ, અનુરાગ સહિત કેટલાય મિત્રો એમની ગિટાર સાથે આવે અને સંપૂર્ણ તન્મયતાથી ગીતો ગાય છે.

ગઈ કાલે મધર્સ ડે હતો અને એના અનુસંધાને બધાએ સાથે મળીને મા વિશેના જૂના-નવા ગીતો પ્રસ્તુત કરી એક અનોખા અંદાજમાં મધર્સ ડે ઉજવ્યો હતો. મધર્સ ડેના ગીતોથી આખો માહોલ ભાવવાહી બન્યો હતો અને બધા શ્રોતા પણ સમૂહગાનમાં જોડાયા હતા. દર શનિ-રવિ આ કાર્યક્રમ માણવા જેવો છે.

ચિરવિદાય

- સ્વ. રમેશભાઈ જયંતિભાઈ સોલંકી, ઉ.વ. ૨૮
- સ્વ. અંબાલાલ નેનજીભાઈ વાઘેલા, ઉ.વ. ૮૦